**<u>કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ફાર્મ ટેકનોલોજી ટ્રેનિંગ સેન્ટર, નેનપુર-સણસોલી ખાતે તારીખ: ૧૦-૦૨-૨૦૨૬ ના રોજ પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઇ.</u>**

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નેનપુર-સણસોલી, તા.મહેમદાવાદ જી.ખેડા ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઇ. તેમાં મહેમદાવાદ તાલુકાના ખેડૂતોએ ભાગ લીધો. ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તેના ભાગરુપે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઇ. આ પ્રસંગે કેન્દ્રના સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડૉ. એ. એમ. પટેલ તથા ડૉ. ભરત એન. ઠકકર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી, કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ મુજબ સ્વાગત પ્રવચન કરી પ્રાકૃતિક ખેતીની જરૂરીયાત રજુ કરીને શરૂ કરવામાં આવ્યો

ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી દ્વારા પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અને મુલ્યવર્ધન પર માહિતી આપેલ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ કરેલ તેમજ જીવામૃત, ઘનામૃત, બીજામૃત, નિમાસ્ત્ર અને બ્રહ્માસ્ત્ર બનાવવાની પધ્ધતિ વિષે ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું. જેથી, ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી માટેનો અભિગમ વધે. ત્યારબાદ ખેડૂતોને તાલીમ કેન્દ્ર નેનપુર ખાતેના મ્યુઝીયમની મુલાકાત કરાવી હતી.



